# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 20-01-2026** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

------------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# WEF HARSH SANGHAVI

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ કૃત્રિમ બુદ્ધિમત્તા – A.I. સક્ષમતા અને હાઈટેક પરિવર્તનના આગામી તબક્કા માટેના માર્ગ શોધવા ઓપન-A.I.ના ક્રિસ લેહા સાથે મુલાકાત કરી. સોશિયલ મીડિયા પર આ અંગે માહિતી આપતા શ્રી સંઘવીએ કહ્યું, જેમ જેમ AIનો વિકાસ થાય છે તેમ તેમ ગુજરાત ભવિષ્યમાં આત્મવિશ્વાસથી આગળ વધે છે.

મજબૂત ડિજિટલ માળખાકીય સુવિધા અને ઉભરતા પ્રતિભા ઍન્જિન દ્વારા સમર્થિત, ગુજરાત એક એવું માળખું બનાવી રહ્યું છે, જ્યાં પ્રગતિશીલ ટેક્નોલૉજી ખીલી શકે છે. તેમજ ગતિશીલ ચર્ચાએ જવાબદાર A.I., અદ્યતન ક્ષમતા અને વિશ્વસ્તરીય નવીનતા દ્વારા આકાર પામેલા ભવિષ્ય પર સહિયારુ ધ્યાન કેન્દ્રિત કર્યું હોવાનું પણ શ્રી સંઘવીએ ઉમેર્યું હતું.

. . . . . . . . . . . . .

# AMDAVAD DEMOLITION

અમદાવાદના વટવા વિસ્તારમાં આવેલા વાનરવટ તળાવમાં દબાણ હટાવવાની કામગીરી કરવામાં આવી. મહાનગરપાલિકા દ્વારા 430 રહેણાક અને 30 વાણિજ્યિક ઇમારત દૂર કરવાની પ્રક્રિયા હાથ ધરાઈ છે. આ સાથે જ 58 હજાર ચોરસ મીટરની જગ્યા ખૂલ્લી કરાવાશે. આ અંગે DCP ભગીરથ ગઢવીએ વધુ માહિતી આપી.

(BYTE: BHAGIRATH GADHAVI, DCP)

. . . . . . . . . . . . .

# RIVABA JADEJA CYCLOTHON

શિક્ષણ રાજ્યમંત્રી રિવાબા જાડેજાએ આજે ગાંધીનગરમાં સાયક્લોથૉનનો પ્રારંભ કરાવ્યો. સમર્પણ પબ્લિક સ્કૂલ દ્વારા યોજાયેલી સાયક્લોથૉનને રાજ્યમંત્રી સહિતનાં મહાનુભાવોએ લીલીઝંડી આપી હતી. સાયક્લોથૉનમાં શાળાના અંગ્રેજી અને ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓ સહિત 450 જેટલા લોકો જોડાયા હતા.

. . . . . . . . . . . . .

# MEHSANA JEERU AAVAK

**મહેસાણામાં ઊંઝા માર્કેટિંગ યાર્ડમાં જીરુંના નવા પાકની આવક થઈ રહી છે. હાલમાં** જીરુંની આઠ હજાર બોરીની આવક નોંધાઈ છે. ખેડૂતોને ચાર હજારથી ચાર હજાર 200 રૂપિયા સુધીની ભાવ મળી રહ્યા છે.

. . . . . . . . . . . . .

# TAPI FOOD DEPARTMENT ACTION

તાપી જિલ્લા ખોરાક અને ઔષધ નિયમન તંત્રએ ઉત્તરાયણ પર્વએ ખાદ્ય સુરક્ષા અંગે તપાસ અભિયાન હાથ ધર્યું હતું. તે અંતર્ગત તલ, તલના લાડુ, ચિક્કી, જલેબી-ફાફડાં અને ઉંધીયું બનાવતી તથા વેચાણ

કરતી 14 પેઢીની તપાસ કરવામાં આવી. તેમાંથી 38 જેટલા ખાદ્ય નમૂના લેવાયા હતા. દરમિયાન પાણીપુરીની 21 લારીઓમાં બિનઆરોગ્યપ્રદ વસ્તુઓ મળતાં 30 લિટર પાણીપુરીનું પાણી અને પાંચ કિલો બટાકાનો નાશ કરાયો હતો. તંત્ર દ્વારા લારીધારકોને સ્વચ્છતા અંગે સૂચના પણ અપાઈ છે.

. . . . . . . . . . . . .

# BANASKANTHA FOOD POISONING

બનાસકાંઠાના પાલનપુરની જગાણા **એકલવ્ય** મોડલ શાળામાં બપોરના ભોજન બાદ 38 વિદ્યાર્થીઓને ફૂડ પોઈઝનિંગની અસર થતાં સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયા છે. આ તમામ બાળકોની સ્થિતિ હાલ સ્થિર હોવાનું હોસ્પિટલના તબીબ ડૉ.સુનિલ જોશીએ જણાવ્યું.

(BYTE- DR. SUNIL JOSHI)

. . . . . . . . . . . . .

# NIRMA THAKOR SILVER MEDAL

રાજ્યની ખેતી બૅન્કનાં બ્રાન્ડ ઍમ્બેસેડર નિરમા ઠાકોરે તાતા મુંબઈ મેરેથૉનમાં રજત ચંદ્રક જીત્યો છે. તેમણે માત્ર પડકારજનક 41.195 કિલોમીટરનું અંતર જ પાર ન કર્યું, પરંતુ 2 કલાક, 49 મિનિટ અને સાત સૅકેન્ડમાં મેરેથૉન પૂર્ણ કરીને ઇતિહાસ પણ રચ્યો છે.

પાટણ તાલુકાના હાજીપુર ગામનાં સાધારણ પરિવારમાંથી આવતાં નિરમા ઠાકોરે 19-મી તાતા મુંબઈ ફૂલ મેરેથૉનમાં ઇન્ડિયન ઈલાઈટ મહિલા વર્ગમાં વિજય મેળવ્યો હતો. રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરની સ્પર્ધાઓમાં 19થી વધુ ચંદ્રક જીતનારા નિરમા ઠાકોરે સહકારથી સમૃદ્ધિનું જીવંત ઉદાહરણ પણ પૂરું પાડ્યું છે.

. . . . . . . . . . . . .

# WPL CRICKET VADODARA

મહિલાઓની પ્રીમિયર લીગ – WPL ટી-20 ક્રિકેટમાં આજે દિલ્હી કૅપિટલ્સ અને મુંબઈ ઇન્ડિયન્સ વચ્ચે મુકાબલો થશે. વડોદરામાં કોટમ્બીના BCA સ્ટેડિયમમાં આજે સાંજે 7.30 વાગ્યે આ 13-મી મૅચ શરૂ થશે. મુંબઈ ઇન્ડિયન્સની ટીમ હરમનપ્રીત કૌર અને દિલ્હી કૅપિટલ્સની ટીમ જેમિમાહ રોડ્રીગ્ઝની આગેવાની હેઠળ મેદાનમાં ઉતરશે.

. . . . . . . . . . . . .

# PATAN YUVAK MAHOTSAV

પાટણની હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી ખાતે 36મા યુવક મહોત્સવનો આજે શુભારંભ થયો. રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ આયોગના અધ્યક્ષ કિશોર મકવાણાએ આ મહોત્સવને ખુલ્લો મૂક્યો. મહોત્સવના ઉદ્ઘાટન પ્રસંગે જાણીતા આધ્યાત્મિક વક્તા યોગી રુખડનાથ મહારાજ, યુનિવર્સિટીના કુલપતિ પ્રોફેસર કિશોરચંદ્ર પોરીયા સહિત સમગ્ર ઉત્તર

ગુજરાતમાંથી 132 કોલેજમાંથી 1500 જેટલા યુવક યુવતીઓ ઉપસ્થિત રહ્યા.

. . . . . . . . . . . . . .